# હિંમતનગર તાલુકા પંચાયતના બજેટની વિપક્ષે હોળી કરતા હોબાળો

હિંમતનગર, તા. ૯

આગામી માર્ચ મહીનામાં વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થતા વર્ષ ૨૦૧૯નું બજેટ તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પદાધિકારીઓની સામાન્યસભામાં રજુ કરી તેને પસાર કરવુ પડે છે. ત્યારે શુક્રવારે હિંમતનગર તાલુકા પંચાયતનું બજેટ પસાર કરવા માટે સામાન્ય સભા બોલાવાઈ હતી. પરંતુ તેમાં વિપક્ષમાં બેઠેલા કોંગ્રેસે આ બજેટને લોકાભિમુખ અને પ્રજાલક્ષી ન હોવાનું માની બજેટ બેઠકનો બહિષ્કાર કરી સભામાંથી બહાર નીકળી જઈ બજેટની હોળી કરતા હોબાળો મચી જવા પામ્યો હતો. તો બીજી તરફ સત્તાધારીપક્ષ દ્વારા આ બજેટને સર્વાનુમતે મંજુર કરી ગણતરીની મીનીટોમાં સામાન્યસભાની કામગીરીને આટોપી લેવામાં આવી હતી.

તાલુકા પંચાયતની શુક્રવારે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૯નું જે બજેટ રજુ કરાયું હતુ તેમાં રૂ. ૨,૧૮,૪૦,૧૦૦ના ખર્ચની જોગવાઈ કરાઈ છે. તો તેની સામે રૂ. ૧૨૧,૦૪,૧૯,૧૦૦નો ખર્ચ થવાની ધારણા મુકાઈ છે. આ બજેટમાં પંચાયત તથા વિકાસ માટે રૂ. ૩૮,૫૩,૦૦, શિક્ષણક્ષેત્ર માટે રૂ. ૪,૦૦,૦૦૦, તાલુકાની પ્રજાના આરોગ્ય માટે તાલુકા પંચાયતના બજેટમાં ૪,૧૫,૦૦૦ જયારે ખેતીવાડી ક્ષેત્ર માટે રૂ. ૧૩,૭૦,૦૦૦ અને પશુપાલન માટે આ બજેટમાં ૧,૦૦,૦૦૦ તથા નાની સિંચાઈ માટે રૂ. ૫૦૦,૦૦૦નો ખર્ચ કરાશે.

ઉલ્લેખનીય છે કે તાલુકા પંચાયતના બજેટમાં સૌથી વધુ જોગવાઈ જાહેર બાંધકામ માટે રૂ. ૧૦૯,૦૦,૦૦૦નો લક્ષ્યાંક રખાયો છે. તાલુકા પંચાયતની સ્વભંડોળની આવક ક્યાંથી થશે તે માટે સ્થાનિક કર પેટે તાલુકા પંચાયતને ૧૦૦૦૦ ફરકી તથા સ્ટેમ્પ ડ્યુટી પેટે તાલુકા પંચાયતને રૂ. ૧,૫૮,૫૩,૦૦૦ મળશે. જાહેર બાંધકામ ક્ષેત્રમાંથી તાલુકા પંચાયતમાંથી અંદાજે રૂ. ૫,૦૦,૦૦૦ની મળી અંદાજે ૨,૨૭,૯૦,૩૦૦ની આવક થવાની ધારણા રખાઈ છે.

તાલુકા પંચાયતના હોલમાં બજેટ બેઠક શરૂ થતાની સાથે જ વિપક્ષમાં બેઠેલા કોંગ્રેસે બજેટનો વિરોધ કરી એવો આક્ષેપ કર્યો હતો કે આ બજેટ પ્રજાભિમુખ અને વિકાસલક્ષી ન હોવાનુ માનીને બજેટનો બહિષ્કાર કરી વિપક્ષના તમામ સભ્યો બજેટ બેઠક છોડીને બહાર નીકળી ગયા બાદ સત્તાધારી પક્ષ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી બજેટની હોળી કરી વિરોધ નોંધાવ્યો હતો. દરમ્યાન સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા વિપક્ષની ગેરહાજરીમાં બજેટને સર્વાનુમતે મંજુર કરી ગણતરીની મિનિટોમાં સામાન્ય સભાની કામગીરીને આટોપી લીધી હતી.

**વિપક્ષના નેતાએ રોષ વ્યક્ત કરી નેતાપદેથી રાજીનામુ ધરી દીધુ : સત્તાધારી પક્ષે ગણતરીની મિનિટોમાં બજેટ સર્વાનુમતે પસાર કરી સામાન્યસભા આટોપી લીધી**



**માઉન્ટ આબુનુ તાપમાન ગગડ્યુ, -૧ ડિગ્રી નોંધાયુ**

છેલ્લા બે દિવસથી ઠંડના પ્રમાણમાં સતત વધારો થતાં અને એકદમ ઠંડો પવન ફુંકાતા રાજસ્થાનના હિલસ્ટેશન ગણાતા એવા માઉન્ટઆબુના તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો અને તાપમાન માઈનસ ૧ ડિગ્રી નોધાયુ હતુ. અને જેના કારણે જનજીવન ઉપર ભારે અસર પડી હતી. ઠેર-ઠેર બરફની ચાદરો છવાઈ હતી અને નકીલેક પર આવેલી બોટ ઉપર, ઘાસના મેદાનમાં બરફની ચાદરો છવાઈ હતી. ઠંડીના પ્રમાણમાં વધારો થતા પર્યટકોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. લોકોએ ગરમ કપડા અને તાપણાનો સહારો લેવો પડ્યો હતો.

# માલીવાડ પંચાયતના સરપંચ વિરૂદ્ધની અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો

## આઠ વિરૂદ્ધ ત્રણથી અવિશ્વાસની દરખાસ્ત ઉડી ગઈ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર પાસેના માલીવાડ ગ્રામ પંચાયતના મહીલા સરપંચની વિરૂદ્ધ કેટલાક સદસ્યોએ ગત તા. ૨૪ જાન્યુઆરીના રોજ અવિશ્વાસની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરાઈ હતી. ત્યારબાદ શુક્રવારે નિયમ મુજબ અવિશ્વાસની દરખાસ્ત અંગે ચર્ચા કરવા માટે સામાન્ય સભા બોલાવાઈ હતી. જેમાં આઠ વિરૂદ્ધ ત્રણ મતે દરખાસ્તનો રકાશ થતા મહીલા સરપંચની ખુરશી બચી જવા પામી હતી.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માલીવાડ ગ્રામ પંચાયતના મહીલા સરપંચ મધુબેન પ્રકાશભાઈ ભગોરાની કાર્યપદ્ધતિથી કેટલાક સદસ્યોમાં નારાજગી પ્રસરી હતી. ત્યારબાદ પંચાયતના દમામ સદસ્યોએ ગત તા. ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ તેમની સહીઓ સાથેની અવિશ્વાસની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરી હતી.

ત્યારબાદ શુક્રવાર તા. ૮ ફેબ્રુઆરીના રોજ માલીવાડ ગ્રામ પંચાયતમાં નાયબ ટીડીઓ બી.એન. રાઠોડના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં સર્કલ જશુભાઈ જોશી તલાટી જીતેન્દ્રસિંહની હાજરીમાં સામાન્ય સભામાં ઉપસ્થિત સદસ્યોના મત લેવાનો નક્કી થતા હાજર સદસ્યો પૈકી ઉપસરપંચ સલીમભાઈ કાસમભાઈ કણીયા, મોશીનભાઈ યાસીનભાઈ બાવન તથા ઈકબાલભાઈ મેમણે અવિશ્વાસની દરખાસ્તની વિરૂદ્ધમાં મત આપ્યો હતો. જ્યારે બાકીના આઠ સભ્યોએ મહીલા સરપંચમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જોકે આ સભામાં દિપકભાઈ દવે નામના સભ્ય ગેરહાજર રહ્યા હતા.

# પ્રાંતિજના કાટવાડ એશિયન ફેક્ટરીમાં કામ કરતા યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ એશિયન ફેક્ટરીમાં કામ કરતા યુવકે અગમ્ય કારણોસર કંપનીની રૂમમાં જ ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો. પ્રાંતિજ ના કાટવાડ પાસે આવેલ સ્ટાઈલ બનાવતી એશિયન ફેક્ટરીમાં કામ કરતો રાજસ્થાનનો ૨૦ વર્ષનો યુવક ચેતનકુમાર મનસી રહે. નવાધરા, તા. બીછીવાડા, જી. ડુંગરપુર કે છેલ્લાં એક મહિનાથી ફેક્ટરીમાં પોલીશીંગ વિભાગમાં કામ કરતો હતો ને તે ધંધા રોજગાર અર્થે આવ્યો હતો અને એશિયન ફેક્ટરીમાંજ ફેક્ટરીની રૂમમાં રહેતો હતો. જે આજરોજ બપોરના ૧૨ વાગતાના સમયે ફેક્ટરી માં આવેલ તેની રૂમમાં જ પોતે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લઈને જીવનલીલાનો અંત આણ્યો હતો. તેનો કુટુંબી ભાઈ લોકેશ તેણે જમવા માટે બોલાવવા રૂમ આવતાં રૂમમાં મૃતક યુવકનો મૃતદેહ ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતાં જોતાં તેણે બુમાબુમ કરી હતી અને આજુબાજુમાંથી લોકો તથા કંપનીના જવાબદાર અધિકારીઓ સહિતના લોકો દોડી આવ્યા હતા. કંપનીના જવાબદાર અધિકારીઓ દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસને કરતાં પ્રાંતિજ પોલિસ ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોડાસામાં માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૯

સલામતી સપ્તાહ અંતર્ગત વાહનચાલકોને વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. અરવલ્લી




જીલ્લામાં જીલ્લા ટ્રાફિક પોલીસ અને જીલ્લા આરટીઓ તંત્ર દ્વારા અરવલ્લી રેડક્રોસ સોસાયટીના સહયોગથી અનોખી ઉજવણી કરી માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને લોહી વહી જતા અનેક લોકો મોતના મુખમાં ધકેલાઈ જતા હોય છે. અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરી ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, જીલ્લા ટ્રાફિક પી.આઈ. જાડેજા, આરટીઓ અધિકારીઓ, અરવલ્લી રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર અને કર્મચારીઓ જોડાયા હતા અને રક્તદાન કર્યું હતું. તદઉપરાંત એસટી ડેપોના ડ્રાઈવર અને અન્ય વાહનચાલકો માટે આંખોની દ્રષ્ટિના ચેકઅપ કેમ્પનું પણ નિષ્ણાત તબીબો દ્વારા હાથ ધરાયું હતું.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયૂર પાટિલે આંખોની તપાસ કરાવી હતી. રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર કર્મચારીઓ અને રક્તદાતાઓની સરાહના કરી હતી. જિલ્લા પોલિસ વડાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું, કે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિને સૌથી પહેલા રક્તની જરૂર હોય છે, ત્યારે રક્તદાન જેવી શિબિરથી એકઠું કરાયેલુ રક્ત અનેક લોકોની જિંદગી માટે આશિર્વાદરૂપ સાબિત થઈ શકે છે રક્તદાન એજ મહાદાન હોવાનું જણાવ્યું હતું.

## તલોદ તાલુકામાં રાષ્ટ્રિય કૃમિનાશક દિનની ઉજવણી સંપન્ન

તલોદ, તા. ૯

તા. ૮મી ફેબ્રુઆરીને રાષ્ટ્રિય કૃમિનાશક દિન તરીકે ઉજવણી કરી સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાને કૃમિ મુક્ત બનાવવાનું ખાસ અભિયાન તલોદ તાલુકાની તમામ શૈક્ષણિક સંસ્થાઓના કુલ ૩૯૫૦૧ બાળકોને આલ્બેન્ડાઝોલની ગોળી આપીને ખવડાવેલ હતી. પરિણામે કૃમિનાશક કરવાનુ આયોજન કરવામાં આવેલ હતુ.

તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ ગીતાબેન પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કનોરીયા, તાલુકા હેલ્થ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આંત્રોલીની હાજરીમાં કાર્યક્રમ યોજાયેલ હતો.

કાર્યક્રમનું સંચાલન ટી.એચ.એસ. અને ટી.એચ.વી.એ કરેલ હતુ.

# મોડાસાના રાણાસૈયદ નજીક લકઝરી બસમાં જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે લઘુશંકા કરવા બાબતે ધીંગાણું

મોડાસા, તા. ૯

મોડાસા-ધનસુરા બાયપાસ



રોડ પર આવેલા રાણાસૈયદ ચોકડી નજીક જાનૈયા ભરી પસાર થતી લકઝરી બસના ચાલકે મુસાફરોને લઘુશંકા માટે બસ ઉભી રાખતા ચોકડી પર ઉભા રહેતા લારી-ફેરિયાવાળાઓએ થોડે દૂર જઈ લઘુશંકા કરવાનું કહેતા જાનૈયાઓ દબંગાઈ પર ઉતરી આવી લારી-ફેરિયાવાળા પર હુમલો કરતા નજીકમાં આવેલા રાણાસૈયદ વિસ્તારના લોકો દોડી આવતા જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે મારામારી થતા અને પથ્થરમારો થતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી સ્થિતિને કાબુમાં લીધી હતી. મારામારીની ઘટનામાં ૩ લોકોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. વહેલી સવારે રાણાસૈયદ ચોકડી નજીક થયેલી બબાલથી અહીંથી પસાર થતા વાહનચાલકો અને આજુબાજુના વિસ્તારના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

મોડાસા બાયપાસ રોડ પર આવેલી રાણાસૈયદ ચોકડી નજીક વહેલી સવારે રાજસ્થાન તરફથી જાનૈયા ભરી લકઝરી બસના ચાલકે મુસાફરોને લઘુશંકા માટે લકઝરી બસ થોભાવતા જાનૈયાઓ ચોકડી નજીક ઉભા રહેતા લારી-ફેરિયાઓની લારી નજીક જાહેરમાં કેટલાક જાનૈયાઓ લઘુશંકા કરતા લારી-ફેરિયાઓએ થોડે દૂર જવાનું જણાવતા જાનૈયાઓ એકાએક



ઉશ્કેરાઈ જઈ લારી-ફેરિયાઓ પર તૂટી પડતા હો..હા...હો થતા ચોકડી નજીક રાણાસૈયદ વિસ્તારના લોકો દોડી આવતા જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા અને પથ્થરમારો થતા ભારે ચકચાર મચી હતી. લકઝરી બસના કાચ પણ તૂટી ગયા હતા.

જાનૈયાઓએ લારીવાળા ફેરિયાઓને માર મારતા લોહી-લુહાણ થતા ઘટનાના પગલે પહોંચેલી મોડાસા ટાઉન ઈન્ચાર્જ પી.આઈ. નાગજી રબારી અને તેમની ટીમે તંગ સ્થિતિ પર કાબુ મેળવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડી મામલાને શાંત પાડ્યો હતો.

મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં મુલતાની સમાજના અગ્રણીઓ અને લોકોના ટોળેટોળા અને લકઝરીબસના જાનૈયાઓના ઉમટ્યા હતા બંને પક્ષે સમાધાનના પ્રયત્નો હાથ ધર્યા હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

# કાંકરેજ તાલુકા પંચાયત કચેરી હોલમાં પી.એમ. કિસાન અંતર્ગત મીટીંગ યોજાઈ

કાંકરેજ, તા. ૯

કેન્દ્ર સરકારના પ્રધાન મંત્રી કિસાન સમ્માન નિધી અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકા પંચાયતના હોલમાં મામલતદાર રાજપૂત, તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી, સર્કલ ઓફિસર બી.એસ. સોલંકી, વિસ્તરણ અધિકારી ખેતી બાબુભાઈ પ્રજાપતિ સહિત અન્ય નાયબ મામલતદાર, રેવન્યુ તલાટી તેમજ ટી.એલ.ઈ. અને વી.ઈ.સી. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૮૯ જેટલી ગ્રામ પંચાયતના અંદાજે ૩૪૨૮૦ જેટલા ખેડૂતો માટે સરકારે જાહેર કરવામાં આવેલી રકમ ૬૦૦૦ રૂપિયા જમા કરાવવા માટે દરેક ગ્રામ પંચાયતના વિલેજ કોમ્પ્યુટર ઓપરેટરને ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી અને બે હેકટર તેમજ બે હેકટરથી ઓછી જમીન ધારણ કરતા ખેડૂતોને આ પી.એમ. કિસાન નિધી યોજનાનો લાભ મળવા પાત્ર છે અને ૭/૧૨ના ઉતારાની એક નકલ પેટે કોમ્પ્યુટર ઓપરેટર સરકારી ધારાધોરણ મુજબની પાંચ રૂપિયાની ફી વસુલ કરી શકશે. ત્યારે ખેડૂતોના ખાતામાં પુખ્તવયના કોઈ વ્યક્તિ હોય તો એમનું ચૂંટણી કાર્ડ તેમજ બેંક પાસ બુક ફરજિયાત રજૂ કરવાના રહેશે અને ગુજરાત રાજ્યની બહાર રહેતા ખેડૂતોને જો પોતાના ગામનું આધાર કાર્ડ હશે તોજ આ લાભ મળશે. જેમાં ખેડૂત ખાતેદારોને આધાર કાર્ડ અને બેંક પાસબુક ફરજિયાત રજુ કરવાની રહેશે. જેમાં તાલુકા લેવલ એન્જિનિયર પ્રવિણસિંહ અને મનોહરસિંહએ કોમ્પ્યુટર ઓપરેટરોને યુઝર આઈડી તેમજ ટેકનીકલ તાલીમ આપી હતી. જોકે એક બાજુ કાંકરેજ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હતો એનું હેકટર દીઠ રૂ. ૬૮૦૦ ખેડૂતોના ખાતામાં જમા કરવાની કામગીરી ચાલુ છે અને અત્યાર સુધી લગભગ ૧૫ કરોડ રૂપિયાનું ચુકવણું થઈ ગયું છે અને ૪૦ જેટલા ગામોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે બાકી રહેલા ગામોનું ચુકવણું ચાલુ છે. ત્યારે કેન્દ્ર સરકારે નવી યોજના હેઠળ દરેક ખેડૂતોને એક વર્ષમાં ત્રણ હપ્તે ૨૦૦૦ રૂપિયા જમા કરાવી ખેડૂતોને સહાય કરી પગભર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે આ ઉપરાંત દસ દિવસમાં આગામી સમયમાં દરેક ખેડૂત ખાતેદારોના ખાતામાં રૂપિયા પ્રથમ હપ્તે ૨૦૦૦ જમા થાય તે માટે આગોતરી તૈયારીઓ શરૂ કરી છે અને ગ્રામપંચાયત તલાટી કોમ્પ્યુટર ઓપરેટર ફોર્મ ભરી ખેડૂતોને મદદરૂપ થશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.



**ખેડબ્રહ્મામાં કારચાલકની ટક્કરે રાહદારીનું મોત**

ખેડબ્રહ્મામાં એક કારચાલકે એક રાહદારીને ટક્કર મારતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર સુરતનો એક પરીવાર અંબાજી દર્શન કરવા નીકળ્યો હતો. ત્યારે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન આગળ પસાર થતો રાહદારી સોમાભાઈ શંકરભાઈ પરમાર (૪૫) રસ્તો ઓળંગતો હતો ત્યારે કારચાલકે પોતાની કાર ન. જી.જે.૫.જે.એસ.૧૨૭૨ પર પોતાનો કાબુ ગુમાવી દેતા રાહદારીને ટક્કર મારી ડિવાઈડર પર ચડી વીજ પોલ તોડી નાખ્યો હતો. રાહદારીને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મરણ પામ્યો હતો. આ અંગે મરણ જનારના પત્ની મધુબેને અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મહેસાણામાં નાસ્તા ગૃહના પરપ્રાંતીય નોકરની કરપીણ હત્યા

મોઢેરા રોડ પર આવેલા એક નાસ્તાગૃહમાં રાત્રીના સુમારે સુઈ રહેલા ઉત્તરપ્રદેશના નોકરને તેના સાથી કામદારે રાંધણ ગેસના બાટલાના ચાર ફટકા મારી હત્યા કરી હતી. ત્યારબાદ આરોપી નાસી ગયો હતો. આ અંગે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે જાણવા મળેલી માહિતી મુજબ મહેસાણા શહેરમાં મોઢેરા રોડ પર આસ્વાદ ખમણી નામની દુકાન આવેલી છે. આ નાસ્તાગૃહમાં નોકરી કરતા મીઠી ધારીયાલ ગામના વિજય ચંદુજી ઠાકોર અને ઉત્તર પ્રદેશના કછમુલાનો રાજુ સુરેશચંદ નામના યુવાનો નાસ્તાગૃહના રૂમમાં સૂઈ રહ્યા હતા. તે વખતે લાઈટ બંધ કરવાના મામલે બન્ને વચ્ચે રકઝક થવા પામી હતી. ત્યારબાદ બન્ને સુઈ ગયાં હતાં. પરંતુ મોડી રાતે વિજય પોતાની પથારીમાંથી ઉઠ્યો હતો અને રૂમમાં પડેલા રાંધણ ગેસનો બાટલો ઊઠાવી તેણે પાસે જ સુઈ રહેલા રાજુના માથાં ઉપર નિર્દયતાપૂર્વક એક પછી એક ચાર ઘા ફટકારી દીધા હતા. જેમાં ગંભીર ઈજાઓ થતાં રાજુનુ ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ થઈ હતી. ઘટના અંગે જાણ થતાં આસપાસના લોકો એકઠા થયા હતા. જયારે ડીવાયએસપી મંજિતા વણઝારા સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ અંગે મિત્તલકુમાર પ્રજાપતિએ મહેસાણા એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

# કાંકરેજ તાલુકાના ઉંબરીમાં પાતાળેશ્વર મહાદેવની ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

કાંકરેજ, તા. ૯

ઉંબરીને આમ તો સોનેરી નગરી તરીકે ઓળખવામાં આવે છે



ત્યારે જાગીરદાર રાજપૂત દરબાર ગઢ દ્વારા શિવ મંદિર અને રાજગઢી કચેરીના એક સાથે પ્રસંગો દીપવશે. પાતાળેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી કરવામાં આવનાર હોઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૧૩/૧૪/૧૫ ફેબ્રુઆરીના દિવસોમાં જુદા જુદા પ્રકારના કાર્યક્રમો યોજાશે. પ્રથમ દરબાર ગઢ કચેરીમાં ઉદ્ઘાટન શ્રી ૧૦૦૮ મહંત બળદેવનાથ દેવદરબાર જાગીર મઠ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પૂર્વ મુખ્યમંત્રી સહિત અન્ય રાજકીય નેતાઓ ની ઉપસ્થિત રહેશે અને દીપ પ્રાગટ્ય કરી મંદિર પટાંગણમાં યજ્ઞની શુભ શરૂઆત કરવામાં આવશે. શોભાયાત્રા પુષ્પ વર્ષા તેમજ રાત્રે ગુજરાતના પ્રખ્યાત કલાકારો દ્વારા ભજન સાહિત્ય સરિતા રેલાવશે. મહાસુંદ ૮-૯-૧૦ દરમિયાન યોજવનાર કાર્યકમમાં લાખો લોકો દર્શન કરવા ઉમટી પડશે. ત્યારે ઉંબરી નગરજનોએ ધર્મપેમી જનતાને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. રૂપિયા સવા બે કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ મંદિરનું કામ સતત ત્રણ વર્ષથી ચાલતું હતું અને હવે પૂર્ણ થઈ જતાં ભવ્ય ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ શરૂ કરી છે.

# ચાણસ્મા ખાતે ખેડૂત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પાટણ, તા. ૯

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ચાણસ્મા દ્વારા માર્કેટયાર્ડ, ચાણસ્મા ખાતે ખેડૂત સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રાજય સરકારના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, મુખ્યમહેમાનપદે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘના અધ્યક્ષ જુગલજી ઠાકોર તેમજ અતિથિવિશેષપદે જિલ્લા રજીસ્ટ્રાર અને માર્કેટયાર્ડ, ચાણસ્માના વહીવટદાર સુનિલભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, વર્ષોથી બંધ પડેલ ચાણસ્માનું માર્કેટયાર્ડ ચાણસ્મા તાલુકાના ખેડૂતો અને વેપારીઓના સહયોગથી રાજય સરકારના પ્રયાસોથી ચાલુ કરવામાં આવેલ છે. ચાર મહિનામાં ખેડૂતો દ્વારા રૂ. ૪ કરોડનું કપાસનું વેચાણ કરવામાં આવેલ છે. માર્કેટયાર્ડના વિકાસ માટે રાજય સરકાર મદદ કરી રહી છે. રાજય સરકાર દ્વારા માર્કેટયાર્ડમાં શેડ બનાવવા રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવી છે. આગામી સમયમાં આંતરિક રસ્તાઓ બનાવવા માટે રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવશે. માર્કેટયાર્ડમાં ખેડૂતોની સુવિધાઓ વધારવામાં આવશે. આગામી સમયમાં ખેડૂતોની તમામ જણસોનું આ માર્કેટયાર્ડમાં વેચાણ થાય તેવું આયોજન કરવામાં આવશે. આ વિસ્તારના વધુમાં વધુ ખેડૂતો પોતાનો માલ વેચાણ કરી માર્કેટયાર્ડના વિકાસમાં સહભાગી બને તેવો મંત્રીએ અનુરોધ કર્યો હતો.




**મોડાસા આઈટીઆઈમાં વિદેશમાં રોજગારી અને ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર**

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી આઈટીઆઈમાં તપસ્યા ચેરીટેબલ ટ્રસ્ટ અને એક્યુરેટ ઓવરસીઝ અમદાવાદના સહયોગથી આઈટીઆઈમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસ સાથે રોજગારીની તકો વિશેનો સેમિનાર યોજાયો હતો. જેમાં સિંગાપુરથી આવેલા કે. મુકેશ અને વિવિધ દેશનો અનુભવ ધરાવતા રિતેશ શાહ દ્વારા વિદ્યાર્થીઓને વિદેશની યુનિવર્સિટીઓ વિદેશમાં ભણાવવામાં આવતા કોર્ષ વિશેની અને ભણતાં ભણતાં સ્વરોજગારી પ્રાપ્તિનો વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદેશ જવા માટે વિઝા કઈ રીતે મળે અને તેના માટે જરૂર પડતા પેપરની માહિતી આપી હતી. આ સેમિનારમાં સમાજસેવી નિલેશ જોશી, આઈટીઆઈના પ્રિન્સિપાલ રાકેશ પુરોહિત અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સેમિનારનું સફળ સંચાલન અમિત કવિએ કર્યું હતું.